GOVERNMENT OF GUJARAT

LEGAL DEPARTMENT

# Bombay Act No. IV of 1887

## The Bombay Prevention of Gambling Act, 1887

*( As modified upto the 31st December, 1981 )*

ગુજરાત સરકાર

કાયદા વિભાગ

# સન ૧૮૮૭નો મુંબઈ અધિનિયમ નંબર ૪

## મુંબઈ જુગાર પ્રતિબંધ અધિનિયમ, ૧૮૮૭

( સન ૧૯૮૧ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખ સુધી સુધાર્યા પ્રમાણે )

૧૯૮૨
સરકારી પ્રેસ,
ભાવનગર.

[ કિંમત રૂ. ૧-૧૦ પૈસા ]

# મુંબઈ જુગાર પ્રતિબંધ અધિનિયમ, ૧૮૮૭

## અનુક્રમણિકા


પ્રસ્તાવના

કલમો.

૧. ટૂંકી સંજ્ઞા.
વ્યાપ્તિ.

૨. [રદ કરી]

૩. "જુગાર રમવો" એ શબ્દોની વ્યાખ્યા.

"જુગાર રમવાનાં સાધનો" એ શબ્દોની વ્યાખ્યા.
"જુગારનો અડ્ડો" એ શબ્દોની વ્યાખ્યા.

૩ક. વરલી મટકાને અથવા અન્ય પ્રકારના જુગારને લગતા અંકો અથવા આંકડા છાપવા અથવા પ્રસિધ્ધ કરવા માટે શિક્ષા.

૪. જુગારનો અડ્ડો રાખવા બાબત.

૫. જુગારના અડ્ડામાં જુગાર રમવા બાબત.

૫ક. અમુક પોલીસ અધિકારીઓએ રજિસ્ટર, રેકર્ડ અથવા લખાણ કબજે લેવા બાબત.

૬. પોલીસ અધિકારીઓને જુગારના અડ્ડામાં પ્રવેશ કરવાનો, ઝડતી લેવાનો વગેરે અધિકાર.

૬ક. ખોટાં નામો અને સરનામાં આપવા બદલ શિક્ષા.

૭. જુગારનો અડ્ડો રાખવાનો અથવા તેમાં રમવાનો પુરાવો માની લેવા બાબત.

૮. જુગારનો અડ્ડો રાખવા માટે અથવા જુગારના અડ્ડામાં જુગાર રમવા માટે દોષિત ઠર્યેથી જુગાર રમવાનાં સાધનોનો નાશ કરી શકાશે.

૯. દોષિત ઠરાવવા માટે પૈસાનો જુગાર રમવાની સાબિતીની જરૂર નથી.

૧૦. અમુક સાક્ષીઓને ક્ષતિપૂર્તિ.

૧૧. [રદ કરી]

૧૨. જાહેર માર્ગોમાં જુગાર રમવા અને પશુપક્ષીને લડાવવા માટે વોરંટ વગર ગિરફતાર કરવાની સત્તા.

મળી આવેલાં સાધનો કબજે કરી નાશ કરવા બાબત.

૧૨ક. કોઈ સમાચાર અથવા માહિતી છાપવા, પ્રસિધ્ધ કરવા અથવા વહેંચવા માટે વોરંટ વગર ગિરફતાર કરવાની સત્તા.

૧૩. કેવળ ચતુરાઈવાળી રમતો બાબત અપવાદ.

૧૪. રદ કરવા બાબત અને અપવાદ.

અનુસૂચિ [રદ કરી]

२६



# સન ૧૮૮૭નો મુંબઈ અધિનિયમ નંબર ૪[૧]

[૧][મુંબઈ જુગાર પ્રતિબંધ અધિનિયમ, ૧૮૮૭]

[૫મી જાન્યુઆરી, સન ૧૮૮૮]

સન ૧૮૯૫ ના ૧૬ મા અધિનિયમથી અંશતઃ રદ કર્યો.
સન ૧૮૯૦ ના મુંબઈ અધિનિયમ ૧ થી સુધારેલો;
સન ૧૯૧૦ ના મુંબઈ અધિનિયમ ૧ થી સુધારેલો;
સન ૧૯૧૯ ના મુંબઈ અધિનિયમ ૬ થી સુધારેલો;
સન ૧૯૨૨ ના મુંબઈ અધિનિયમ ૫ થી સુધારેલો;
સન ૧૯૨૬ ના મુંબઈ અધિનિયમ ૫ થી સુધારેલો;
સન ૧૯૨૯ ના મુંબઈ અધિનિયમ ૧૪ થી સુધારેલો;
સન ૧૯૩૧ ના મુંબઈ અધિનિયમ ૩ થી સુધારેલો;
સન ૧૯૩૪ ના મુંબઈ અધિનિયમ ૧૨ થી સુધારેલો;
સન ૧૯૩૬ ના મુંબઈ અધિનિયમ ૧ થી સુધારેલો;

એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લૉઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી સુધારેલો;

Sસન ૧૯૪૧ ના મુંબઈ અધિનિયમ ૨ થી સુધારેલો;
*સન ૧૯૪૫ ના મુંબઈ અધિનિયમ ૧૭ થી સુધારેલો;
સન ૧૯૪૭ ના મુંબઈ અધિનિયમ ૩૭ થી સુધારેલો;
સન ૧૯૫૪ ના મુંબઈ અધિનિયમ ૬૦ થી સુધારેલો.

મુંબઈ રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૬ થી સુધારેલો.

સન ૧૯૫૯ ના મુંબઈ અધિનિયમ ૧૪ થી સુધારેલો.

સન ૧૯૫૯ ના મુંબઈ અધિનિયમ ૫૬ થી સુધારેલો.

ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી સુધારેલો.

સન ૧૯૬૪ ના ગુજરાત અધિનિયમ ૩૨ થી સુધારેલો.

સન ૧૯૭૨ ના ગુજરાત અધિનિયમ ૧૬ થી સુધારેલો.

---

૧. ઉદ્દેશો અને કારણો માટે, જુઓ મુંબઈ રાજપત્ર, ૧૮૮૭, ભાગ ૪, પાનું ૧૨, પ્રવર સમિતિના રિપોર્ટ માટે, જુઓ એજનનું પાનું ૨૩૯, અને કાઉન્સિલની કાર્યવાહી માટે જુઓ એજનનું પાનું ૨૧૫ અને ૨૪૪.

+આ અધિનિયમ સન ૧૯૫૯ ના મુંબઈના ૧૪ મા અધિનિયમની શરૂઆતની તરત જ પહેલાં મુંબઈ રાજ્યના જે ભાગને લાગુ પડતો ન હતો તે ભાગને લાગુ પડયો છે અને આવી રીતે લાગુ પાડવાથી તે ભાગમાં અમલમાં ચાલુ રહેશે. (જુઓ સન ૧૯૫૯ના મુંબઈ અધિનિયમ ૧૪ માની કલમ ૨).

Sસન ૧૯૪૭ ના મુંબઈ અધિનિયમ ૩૭ ની કલમ ૨ થી આ અધિનિયમ ફરીથી કરવામાં આવ્યો હતો.

*આ અધિનિયમ ફરીથી કરવામાં આવ્યો હતો અને સદરહુ અધિનિયમની કલમ ૯ અને અનુસૂચિ ચથી કરેલા સુધારા સન ૧૯૪૭ના મુંબઈ અધિનિયમ પરની કલમ ૨ થી અમલમાં ચાલુ રાખવામાં આવ્યા છે.

મુંબઈ ૧[રાજ્ય]માં જુગાર રમવા ઉપર પ્રતિબંધ મૂકવા માટેનો કાયદો એકત્રિત કરી સુધારવા બાબત અધિનિયમ.

**પ્રસ્તાવના.** મુંબઈ ૧[રાજ્ય]માં જુગાર રમવા ઉપર પ્રતિબંધ મૂકવા માટેનો કાયદો એકત્રિત કરી સુધારવો ઈષ્ટ છે; આથી નીચે પ્રમાણે અધિનિયમ કરવામાં આવે છે:—

**ટૂંકી સંજ્ઞા. વ્યાપ્તિ.** ૧. આ અધિનિયમ 'મુંબઈ જુગાર પ્રતિબંધ અધિનિયમ, ૧૮૮૭' કહેવાશે. ૨[તે સમગ્ર ૩[ગુજરાત રાજ્યને] લાગુ પડે છે].

૨. [અધિનિયમો રદ કરવા બાબત.] સન ૧૮૯૫નાં ૧૬ મા અધિનિયમથી રદ કરી છે.

**"જુગાર રમવો"એ શબ્દોની વ્યાખ્યા.** ૩. ૪[આ અધિનિયમમાં "જુગાર રમવો" એ શબ્દોમાં—

(ક) ઘોડ-દોડ શરૂ થવાની હોય તે જ દિવસે, અને

(ખ) જ્યાં ઘોડ-દોડ શરૂ થવાની હોય તે ઘોડ-દોડના મેદાનના લાઈસન્સદારે મુંબઈ ઘોડ-દોડ મેદાન લાઈસન્સ અધિનિયમ, ૧૯૧૨ની કલમ ૪ હેઠળ તે ઘોડ-દોડના મેદાન માટે તેને આપવામાં આવેલા લાઈસન્સની શરતો હેઠળ તે હેતુ માટે જુદી રાખેલી વાડ-બંધ જગામાં, અને

૫[(ગ) એક તરફથી તે વાડબંધ જગામાં હાજર રહેલી વ્યકિત જ અને બીજી તરફથી તે લાઈસન્સદાર અથવા ઉપર્યુકત લાઈસન્સથી તે લાઈસન્સદારે લાઈસન્સ આપેલી બીજી કોઈ વ્યકિત વચ્ચે૬[અથવા ગમે તેટલી વ્યકિતઓ વચ્ચે તે લાઈસન્સથી પરવાનગી આપવામાં આવે તે રીતે અને તે સાધનથી.

ઘોડ-દોડ ઉપર હોડ અથવા શરત મારવામાં આવે ત્યારે તેવી હોડ અથવા શરત સિવાયની હોડ અથવા શરત મારવાનો સમાવેશ થાય છે; પણ તેમાં "લોટરી" નો સમાવેશ થતો નથી.

જે કોઈ વ્યવહારમાં કોઈ વ્યકિત, પોતાની ગમે તે હેસિયતથી બીજી કોઈ વ્યકિતને ગમે તે હેસિયતમાં એવા લાઈસન્સદાર અથવા બીજી કોઈ વ્યકિત સાથે હોડ અથવા શરત મારવામાં કામે રાખે અથવા બીજી કોઈ વ્યકિત માટે ગમે તે હેસિયતમાં એવું કામ કરવા કબૂલે તે વ્યવહાર "જુગાર" છે એમ ગણાશે: પરંતુ સદરહુ લાઈસન્સદાર તે લાઈસન્સ માં પરવાનગી આપવામાં આવે તે રીતે અથવા તે સાધનથી હોડ અથવા શરત મારવાના કામ માટે નોકરો રાખી શકશે અથવા તે લાઈસન્સદાર નીચે માણસો નોકરી સ્વીકારી શકશે.] ૭[શરતની રકમ વસૂલ કરવી કે માંગવી તે અથવા હોડ કે શરત મારવાના સંબંધમાં અથવા હોડ કે શરત મારવામાં સહાય કરવા અથવા તેમ કરવાનું સુગમ બનાવવા ધારેલા કામના સંબંધમાં નાણાં કે અન્ય રૂપે જીતેલાં ઈનામો લેવા કે વહેંચવા તે અથવા એવી વસૂલાત, માંગણી, પહોંચ અથવા વહેંચણી "જુગાર" છે એમ ગણાશે.]

---

૧. સન ૧૯૫૯ના મુંબઈ અધિનિયમ ૧૪ ની કલમ ૩(અ) થી, "ઈલાકા" એ શબ્દને બદલે આ શબ્દ મૂકયો છે.

૨. એજનની કલમ ૩(બ) થી છેલ્લા બેપરિચ્છેદને બદલે આ ભાગ મૂકયો છે.

૩. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ,૧૯૬૦થી "મુંબઈ રાજ્યને" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૪. મુંબઈ જુગાર પ્રતિબંધ (સુધારા) અધિનિયમ, ૧૯૨૨ (સન ૧૯૨૨ ના મુંબઈના ૫મા) નીકલમ ૨ થી આ વ્યાખ્યા મૂકી છે.

૫. સન ૧૯૩૧ ના મુંબઈ અધિનિયમ ૩ની કલમ ૨ થી અસલ ખંડને બદલે ખંડ (ગ) મૂકયો છે.

૬. સન ૧૯૩૪ ના મુંબઈ અધિનિયમ ૧૨ની કલમ ૨ થી આ શબ્દો દાખલ કર્યા છે.

૭. સન ૧૯૩૬ના મુંબઈ અધિનિયમ ૧ની કલમ ૨(૧)થી આ શબ્દો દાખલ કર્યા છે.

૧[આ અધિનિયમમાં "જુગાર રમવાનાં સાધનો" એ શબ્દોમાં જુગારમાં વિષય અથવા સાધન તરીકે વપરાતી ર[અથવા વાપરવા ધારેલી] કોઈ વસ્તુનો, ૩**૪[કોઈ જુગારના પુરાવાના રજિસ્ટર અથવા રેકર્ડ તરીકે વપરાતા ર[અથવા વાપરવા ધારેલા ] કોઈ દસ્તાવેજનો,] ૫[કોઈપણ જાતના જુગારની આવકનો, અને કોઈ જાતના જુગાર સંબંધમાં વહેંચેલા અથવા વહેંચવા ધારેલા નાણાં કે અન્યરૂપે મળતી જીતની રકમો કે ઈનામોનો ] સમાવેશ થાય છે. "જુગાર રમવાનાં સાધનો"એ શબ્દોની વ્યાખ્યા.

૬[આ અધિનિયમમાં "જુગારનો અડ્ડો" એટલે— "જુગારનો અડ્ડો"એ શબ્દોની વ્યાખ્યા.

(૧) (ક) રૂ, અફીણ અથવા બીજી ચીજ-વસ્તુની બજાર કિંમત ઉપર અથવા તે કિંમત જણાવવામાં વપરાતી સંખ્યાના આંકડા ઉપર, અથવા

(ખ) તેવી કોઈ ચીજવસ્તુની બજાર કિંમતના ફેરફારની રકમ ઉપર અથવા તે ફેરફારની રકમ જણાવવામાં વપરાતી સંખ્યાના આંકડા ઉપર, અથવા

(ગ) કોઈ સ્ટોક અથવા શેરની બજાર કિંમત ઉપર અથવા તે કિંમત જણાવવામાં વપરાતી સંખ્યાના આંકડા ઉપર, અથવા

(ઘ) વરસાદ પડે કે ન પડે અથવા બીજો કુદરતી પ્રસંગ બને ન બને તે ઉપર, અથવા

(ચ) વરસાદના પ્રમાણ ઉપર અથવા તે પ્રમાણ જણાવવામાં વપરાતી સંખ્યાના આંકડા ઉપર ૭[અથવા]

૮[(છ) વરલી મટકાના જુગાર અથવા બીજા કોઈ પ્રકારના જુગાર માટે અથવા તેના સંબંધમાં જાહેર કરેલા ઉઘડતા, વચલા અથવા બંધ થતા અંકો અથવા આંકડા જણાવવામાં વપરાતાઅંકો અથવા આંકડા ઉપર.]

જુગાર રમવામાં આવે, તો જેમાં જુગાર રમાતો હોય અથવા જુગાર માટે જુગાર રમવાનાં સાધનો રાખવામાં આવતાં હોય અથવા વપરાતાં હોય તે મકાન, ઓરડો અથવા જગા;

(૨) બીજા કોઈ પ્રકારનો જુગાર રમવાની બાબતમાં, જે કોઈ મકાન, ઓરડો અથવા જગામાં જુગાર રમવાનાં સાધનો તે મકાન, ઓરડો અથવા જગાના માલિક કે ભોગવટાદાર, વાપરનાર અથવા રાખનાર વ્યક્તિના લાભ અથવા ફાયદા માટે તે મકાન, ઓરડો અથવા જગા અથવા સાધન વાપરવા માટે ચાર્જ લઈને અથવા બીજી કોઈ રીતે રાખવામાં અથવા વાપરવામાં આવતા હોય, તે મકાન, ઓરડો અથવા જગા,

---

૧. મુંબઈ જુગાર પ્રતિબંધ અધિનિયમ, ૧૮૯૦ (સન ૧૮૯૦નો મુંબઈ નો ૧લો) સુધારવાને અધિનિયમની કલમ ૧ થી આ વ્યાખ્યા દાખલ કરી છે.

૨. સન ૧૯૩૬ના મુંબઈ અધિનિયમ ૧ની કલમ ૨(૨) (૧) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૩. એજનની કલમ ૨(૨) (૨) થી "અને એ શબ્દ કમી કર્યો છે.

૪. મુંબઈ જુગાર પ્રતિબંધ (સુધારા) અધિનિયમ, ૧૯૧૯ (સન ૧૯૧૯ના મુંબઈના ૬ઠ્ઠા)ની કલમ ૨ થી આ શબ્દો ઉમેર્યા છે.

૫. સન ૧૯૩૬ના મુંબઈ અધિનિયમ ૧ની કલમ ૨(૨)(૩) થી આ શબ્દો ઉમેર્યા છે.

૬. સન ૧૯૫૯ના મુંબઈ અધિનિયમ ૧૪ની કલમ ૩(ક) થી અસલને બદલે આ ભાગ મૂકયો છે.

૭. સન ૧૯૭૨ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૨(અ)થી "અથવા" એ શબ્દ દાખલ કર્યો છે.

૮. એજનની કલમ ૨(બ) થી બાબત "છ" દાખલ કરી છે.

"જગા" શબ્દની વ્યાખ્યા.

આ અધિનિયમમાં "જગા" શબ્દમાં તંબુ, બંધ જગા, ખુલ્લી જગા, વાહન અને જલ-યાનનો સમાવેશ થાય છે.]

વરલી મટકાને અથવા અન્ય પ્રકારના જુગારને લગતા અંકો અથવા આંકડા છાપવા અથવા પ્રસિદ્ધ કરવા માટે શિક્ષા.

1[૩-ક. (૧) જે કોઈ વ્યકિત "શુભ રાશિ" એ શીર્ષક હેઠળ અથવા બીજું કોઈ સ્વરૂપ અથવા યુકિત અપનાવીને વરલી મટકાને અથવા બીજા કોઈ પ્રકારના જુગારને લગતા કોઈપણ અંકો અથવા આંકડા અથવા અંકો કે આંકડાના જોડકાને ગમે તે રીતે છાપે અથવા પ્રસિદ્ધ કરે અથવા આવા અંકો અથવા આંકડાને અથવા અંકો કે આંકડાના જોડકાને લગતી માહિતી ફેલાવે અથવા ફેલાવવાની કોશિષ કરે અથવા ફેલાવવામાં મદદગારી કરે તે વ્યકિત છ મહિના સુધીની કેદની અને એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

(૨) કોઈ વ્યકિત ઉપર પેટા-કલમ (૧) હેઠળના ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો હોય, તો જેના સંબંધમાં સદરહુ ગુનો કર્યો હોવાનું કહેવાતું હોય તે અંકો અથવા આંકડા અથવા અંકો કે આંકડાનું જોડકું, આરોપીએ વિરૂદ્ધનું સાબિત કર્યું ન હોય, તો વરલી મટકાના જુગારને અથવા બીજા કોઈ પ્રકારના જુગારને લગતું છે એમ માની લેવામાં આવશે.]

જુગારનો અડ્ડો રાખવા બાબત.

૪. જે કોઈ વ્યકિત—

(ક) જુગારના અડ્ડાના હેતુમાટે 2[કોઈ મકાન, ઓરડો અથવા જગા ખોલે, રાખે અથવા વાપરે];

(ખ) તે મકાન, ઓરડા અથવા જગાનો માલિક અથવા ભોગવટાદાર હોય અને ઉપર્યુકત હેતુ માટે બીજી કોઈ વ્યકિતને તે મકાન, ઓરડો અથવા જગા જાણીબુઝીને કે જાણીજોઈને ખોલવા, ભોગવટો કરવા, રાખવા અથવા વાપરવા દે,

(ગ) ઉપર્યુકત હેતુ માટે ખોલેલા, ભોગવટામાં લીધેલા, રાખેલા અથવા વાપરેલાં મકાન, ઓરડા અથવા જગામાં જુગારના ધંધાની સંભાળ રાખે અથવા તેનો વહીવટ કરે અથવા તેવો ધંધો કરવામાં કોઈ રીતે મદદ કરે

(ઘ) આવા કોઈ મકાનમાં, ઓરડામાં અથવા જગામાં આવજા કરતી વ્યકિતઓ સાથે જુગાર રમવાના હેતુ માટે નાણાં ધીરે અથવા પૂરાં પાડે,

તેને 3[દોષિત ઠર્યેથી છ મહિના સુધીની કેદની અને દંડની અથવા એ બન્ને શિક્ષા થશે:

પરંતુ—

(ક) પહેલીવારના ગુના માટે, એવી કેદની શિક્ષા એક મહિનાથી ઓછી મુદતની હોવી જોઈશે નહિ અને એવો દંડ બસો રૂપિયાથી ઓછો હોવો જોઈશે નહિ;

(ખ) બીજીવાર ગુના માટે, એવી કેદની શિક્ષા ત્રણ મહિનાથી ઓછી હોવી જોઈશે નહિ અને એવો દંડ બસો રૂપિયાથી ઓછો હોવો જોઈશે નહિ; અને

---

૧ સન ૧૯૭૨ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૩થી "કલમ ૩-ક" દાખલ કરી છે.

૨. સન ૧૯૪૧ના મુંબઈ અધિનિયમ ૨ની કલમ ૩ અને સન ૧૯૪૭ના મુંબઈ અધિનિયમ ૩૭ની કલમ ૨ થી આ શબ્દો મૂક્યા છે.

૩. સન ૧૯૪૭ના મુંબઈ અધિનિયમ ૩૭ની કલમ ૩થી આ ભાગ મૂક્યો છે.

(ગ) ત્રીજીવારના અને ત્યારપછીના ગુના માટે,એવી કેદની શિક્ષા છ મહિનાથી ઓછી હોવી જોઈશે નહિ અને એવો દંડ બસો રૂપિયાથી ઓછો હોવો જોઈશે નહિ.]

૫. ૧[જે કોઈ વ્યકિત કોઈ જુગારના અડ્ડામાં જુગાર રમતાં પકડાય અથવા જુગાર રમવાના હેતુ માટે ત્યાં હાજર હોઈને પકડાય તેને ૨[દોષિત ઠર્યેથી છ મહિના સુધીની કેદની અને દંડની શિક્ષા થશે:] **જુગારના અડ્ડામાં જુગાર રમવા બાબત.**

પરંતુ—

(ક) પહેલીવારના ગુના માટે, એવી કેદની શિક્ષા એક મહિનાથી ઓછી હોવી જોઈશે નહિ અને એવો દંડ બસો રૂપિયાથી ઓછો હોવો જોઈશે નહિ;

(ખ) બીજી વારના ગુના માટે એવી કેદની શિક્ષા ત્રણ મહિનાથી ઓછી હોવી જોઈશે નહિ અને એવો દંડ બસો રૂપિયાથી ઓછો હોવો જોઈશે નહિ; અને

(ગ) ત્રીજી વારના અથવા ત્યારપછીના ગુના માટે, એવી કેદની શિક્ષા છ મહિનાથી ઓછી હોવી જોઈશે નહિ, અને એવો દંડ બસો રૂપિયાથી ઓછો હોવો જોઈશે નહિ.]

કોઈ જુગારના અડ્ડામાં જુગાર રમાતો ૩***હોય તે સમયે ત્યાં કોઈ વ્યકિત પકડાય તો વિરુદ્ધનું ૪[સાબિત ન થાય] ત્યાં સુધી તે વ્યકિત જુગાર રમવાના હેતુ માટે ત્યાં હતી એવું માની લેવામાં આવશે.

૫[૫-ક. (૧) જે વિસ્તાર માટે પોલીસ કમિશનરની નિમણુંક કરવામાં આવી હોય તેમાં, નાયબ પોલીસ કમિશનરના દરજ્જાથી ઉતરતા ન હોય તેવા કોઈ પોલીસ અધિકારીનો, અને **અમુક પોલીસ અધિકારી-ઓએ રજિસ્ટર, રેકર્ડ અથવા લખાણ કબજે લેવા બાબત.**

(૨) અન્ય સ્થળે નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટના દરજ્જાથી ઉતરતા ન હોય તેવા કોઈ પોલીસ-અધિકારીનો, એવો અભિપ્રાય થાય કે જેમાં અંકો અથવા આંકડા અથવા અંકો કે આંકડાના જોડકા હોય તેવું રજિસ્ટર, રેકર્ડ અથવા કોઈપણ પ્રકારનું લખાણ, વરલી મટકાના જુગાર અથવા બીજા કોઈ પ્રકારના જુગારને લગતું છે, ત્યારે તેને કબજે લેવા માટે તે હકદાર રહેશે અને એવું રજિસ્ટર, રેકર્ડ અથવા લખાણ જુગારનું સાધન છે એમ માની લેવામાં આવશે, સિવાય કે જેની પાસેથી તે કબજે લેવામાં આવે તે વ્યકિતએ એમ દર્શાવ્યું હોય કે તે રજિસ્ટર, રેકર્ડ અથવા લખાણ કાયદેસરના વેપાર, ઉદ્યોગ, વાણિજ્ય, વ્યવસાય અથવા ધંધા સંબંધી કોઈ લેવડદેવડનું અથવા કોઈ વ્યકિતની કાયદેસરની કોઈ અંગત લેવડદેવડનું રજિસ્ટર, રેકર્ડ અથવા લખાણ છે અથવા તે અન્યથા જુગારનું સાધન નથી.]

---

૧. મુંબઈ જુગાર પ્રતિબંધ (સુધારા) અધિનિયમ, ૧૯૧૯ (સન ૧૯૧૯ ના મુંબઈના ૬ઠ્ઠા)ની કલમ ૩થી આ પરિચ્છેદ મૂકયો છે.

૨. સન ૧૯૪૭ના મુંબઈ અધિનિયમ ૩૭ની કલમ ૪ થી આ ભાગ મૂકયો છે.

૩. મુંબઈ જુગાર પ્રતિબંધ (સુધારા) અધિનિયમ, ૧૯૧૯(સન ૧૯૧૯ના મુંબઈના ૬ઠ્ઠા)ની કલમ ૩થી "અથવા રમાતો" એ શબ્દો કાઢી નાખ્યો છે.

૪. સન ૧૯૩૬ના મુંબઈ અધિનિયમ ૧ની કલમ ૪ (૩) થી અસલ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૫. સન ૧૯૭૨ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૪ થી "કલમ ૫—ક" દાખલ કરી છે.

**પોલીસ અધિકારી-ઓને જુગારના અડ્ડામાં પ્રવેશ કર-વાનો, ઝડતી લેવાનો, વગેરે અધિકાર.**

૧[૬. ૨[(૧)] (૧) ૩[પોલીસ કમિશનર નીમવામાં આવ્યો હોય તે કોઈ વિસ્તારમાં] ૪[XXX] સબઈન્સ્પેકટરથી ઉતરતા દરજ્જાનો ન હોય અને પોલીસ કમિશનરે સામાન્ય લેખિત હુકમ કાઢીને સત્તા આપી હોય અથવા દરેક દાખલામાં પોલીસ કમિશનરે ખાસ વોરંટ કાઢીને અધિકૃત કર્યા હોય, અને

(૨) બીજે સ્થળે પોલીસ સબ—ઈન્સ્પેકટરથી ઉતરતા દરજ્જાના ન હોય અને દરેક દાખલામાં ૫[જિલ્લા મેજિસ્ટ્રેટે અથવા પેટા-વિભાગીય મેજિસ્ટ્રેટે અથવા રાજ્ય સરકારે આ અર્થે ખાસ અધિકાર આપ્યો હોય તે તાલુકા મેજિસ્ટ્રેટે અથવા] ૬[જિલ્લાના અધિક મદદનીશ અથવા નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટે] વોરંટ કાઢીને ખાસ અધિકૃત કર્યા હોય], ૭[અને]

૮[ (૩) ઉપરના ખંડ (૨) ની જોગવાઈને બાધ આવ્યા સિવાય; રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આ અર્થે નિર્દિષ્ટ કરે તેવા બીજા વિસ્તારમાં સબ—ઈન્સ્પેકટરથી ઉતરતા દરજ્જાનો ન હોય અને જિલ્લા મેજિસ્ટ્રેટે સામાન્ય લેખિત હુકમ કાઢીને સત્તા આપી હોય] તે પોલીસ અધિકારી—

(ક) જે કોઈ મકાન, ઓરડો અથવા જગા જુગારના અડ્ડા તરીકે વાપરવામાં આવે છે એમ પોતાને શક આવતો હોય તેમાં જરૂર પડે તેટલી વ્યકિતઓની મદદ લઈને રાત્રે અથવા દિવસે અને જરૂર હોય તો જબરજસ્તીથી પ્રવેશ કરે,

(ખ) પોતે જે મકાન, ઓરડા અથવા જગામાં તે રીતે પ્રવેશ કર્યો હોય તેમાં જુગાર રમવાનાં સાધનો સંતાડયા છે એવો શક લાવવાને તેને કારણ હોય તો તે મકાન, ઓરડો અથવા જગાના તમામ ભાગોની અને તેમાં મળી આવેલી તમામ વ્યકિતઓની, તેઓ તે સમયે ખરેખર જુગાર રમતી હોય કે ન હોય તો પણ તેમની ઝડતી લે,

(ગ) એવી તમામ વ્યકિતઓને પોતાની કસ્ટડીમાં લઈને કોઈ મેજિસ્ટ્રેટ સમક્ષ લાવે,

(ઘ) જે ચીજો જુગાર રમવાના હેતુ માટે વપરાય છે અથવા વાપરવા ધારી છે એવો વાજબી રીતે શક લાવી શકાય અને ત્યાં મળી આવે તેવી તમામ ચીજો કબજે કરે તો., તે કાયદેસર ગણાશે :

---

૧. સન ૧૯૩૬ના મુંબઈ અધિનિયમ ૧ની કલમ ૫થી અસલને બદલે કલમ ૬ મૂકી છે.

૨. સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ૩૨ની કલમ ૬ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપ્યો છે.

૩. સન ૧૯૫૯ના મુંબઈ અધિનિયમ ૫૬ની કલમ ૩ની અનુસૂચિથી "બૃહદ મુંબઈમાં" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૪. સન ૧૯૫૯ના મુંબઈ અધિનિયમ ૧૪ની કલમ ૩(ડ) થી "સાર્જન્ટ અથવા" એ શબ્દો કાઢી નાંખ્યા છે.

૫. સન ૧૯૫૪ના મુંબઈ અધિનિયમ ૬૦ની કલમ ૨થી "પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટે અથવા" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૬. સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ૩૨ની કલમ ૨ (૧) (અ)થી "જિલ્લાના પોલીસ સુપરિન્ટેન્ડન્ટે" એ શબ્દો થી શરૂ થતા અને "મદદનીશ અથવા નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટે" એ શબ્દોથી પૂરા થતા શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૭. સન ૧૯૫૯ના મુંબઈ અધિનિયમ ૧૪ની કલમ ૩(ડ) થી આ શબ્દ મૂકયો છે.

૮. એજનથી આ ખંડ દાખલ કર્યો છે.

પરંતુ ૧[ *   *   * ] સદરહુ મકાન, ઓરડો અથવા જગા જુગારના અડ્ડા તરીકે વપરાતા હોવાનો શક લાવવાને સબળ કારણો છે એમ સંબંધિત પોલીસ કમિશનર, મેજિસ્ટ્રેટ, જિલ્લા ૨[અથવા અધિક] અથવા મદદનીશ અથવા નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટને જરૂરી લાગે તેવી તપાસ કર્યા પછી, ખાતરી ન થાય તો કોઈ અધિકારીને ખાસ વોરંટથી અધિકૃત કરી શકાશે નહિ.]

૩[(૨) તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ કલમ હેઠળ કરવામાં આવેલી ઝડતી, ઝડતીના સાક્ષીઓ (હોય તો તેઓ) જેમાં ઝડતી લેવાયેલાં મકાન, ઓરડો અથવા જગા આવેલાં હોય તે લત્તાના રહેવાસી ન હતાં તે હકીકતને કારણે જ ગેરકાયદેસર ગણાશે નહિ.]

**ખોટાં નામો અને સરનામાં આપવા બદલ શિક્ષા.**

૪[૬-ક. આ અધિનિયમની જોગવાઈઓ મુજબ કોઈ મેજિસ્ટ્રેટે અથવા પોલીસ અધિકારીએ કોઈ જુગારના અડ્ડામાં પ્રવેશ કર્યા પછી, તેમાં મળી આવેલી વ્યકિતને તે અધિકારી ગિરફતાર કરે અથવા તેને કોઈ મેજિસ્ટ્રેટ સમક્ષ લાવવામાં આવે અને તે અધિકારી અથવા મેજિસ્ટ્રેટ તેને તેનું નામ અને સરનામું આપવાનું ફરમાવે ત્યારે તે આપવાની તે વ્યકિતના પાડે અથવા આપવામાં ગફલત કરે અથવા કોઈ ખોટું નામ અથવા સરનામું આપે તો તેને, દોષિત ઠર્યે થી એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને તે દંડ ભરવામાં ન આવે તો અથવા પ્રથમ તબક્કે સજા કરનાર કોર્ટને યોગ્ય જણાય તો ચાર મહિનાની મુદત સુધીની કેદની શિક્ષા થશે.]

**જુગારનો અડ્ડો રાખવાનો અથવા તેમાં રમવાનો પુરાવો માની લેવા બાબત.**

૫[૭. કલમ ૬ હેઠળ કોઈ પોલીસ અધિકારી કોઈ મકાન, ઓરડો અથવા જગામાં દાખલ થાય ત્યારે તેમાંથી અથવા તેમાં મળી આવેલી કોઈ વ્યકિત પાસેથી કોઈ જુગાર રમવાનું સાધન કબજે કરવામાં આવે ત્યારે અને એ રીતે કબજે કરેલી બીજી કોઈ વસ્તુની બાબતમાં કોર્ટને ખાતરી થાય કે તે મકાન, ઓરડો અથવા જગામાં પ્રવેશ કરેલા પોલીસ અધિકારીને એ રીતે કબજે કરેલી વસ્તુ જુગાર રમવાનું સાધન હતું એમ શક લાવવાને વાજબી કારણ હોય તો એ રીતે કબજે કરેલા સાધન અથવા વસ્તુ, તે મેજિસ્ટ્રેટના અથવા પોલીસ અધિકારીના અથવા એ બન્નેમાંથી કોઈએ પણ આપેલા અધિકારોની રૂએ કામ કરનાર વ્યકિતના દેખતાં જુગાર રમાયો ન હોય તો પણ વિરૂધ્ધનું સાબિત થાય નહિ ત્યાં સુધી તે મકાન, ઓરડો અથવા જગા જુગારના અડ્ડા તરીકે વાપરવામાં આવે છે અને તેમાં મળી આવેલી વ્યકિત તે સમયે જુગાર રમવાના હેતુ માટે હાજર હતી તેવો પુરાવો છે એમ ગણાશે]:

૬[પરંતુ જે વોરંટ અથવા હુકમ અનુસાર કલમ ૬ હેઠળ મકાન, ઓરડો અથવા જગામાં પ્રવેશ કરવામાં આવ્યો હોય તેમાં કોઈ ખામી હોય તે છતાં, કોર્ટ તે ખામીને મહત્વની ન ગણે, તો ઉપર જણાવ્યા પ્રમાણે માની લેવામાં આવશે.]

---

૧. સન ૧૯૫૯ના મુંબઈ અધિનિયમ ૧૪ની કલમ ૩(ડ) થી "સોગંદ ઉપર પોતાની આગળ આવેલી ફરિયાદ ઉપરથી અને" એ શબ્દો કાઢી નાખ્યા છે.

૨. સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ૩૨ની કલમ ૨(૧)(બ) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૩. એજનની કલમ ૨(૨) થી પેટા-કલમ (૨) દાખલ કરી છે.

૪. સન ૧૯૫૯ના મુંબઈ અધિનિયમ ૧૪ની કલમ ૩(ઈ) થી કલમ ૬-ક દાખલ કરી છે.

૫. સન ૧૯૩૬ના મુંબઈ અધિનિયમ ૧ની કલમ ૬થી અસલ કલમને બદલે કલમ ૭ મૂકી છે.

૬. સન ૧૯૫૯ના મુંબઈ અધિનિયમ ૧૪ની કલમ ૩(ફ) થી આ પરંતુક ઉમેર્યો છે.

જુગારનો અડ્ડો રાખવા માટે અથવા જુગારના અડ્ડામાં જુગાર રમવા માટે દોષિત ઠર્યેથી જુગાર રમવાના સાધનોનો નાશ કરી શકાશે.

૮. જુગારનો અડ્ડો ખોલવા, રાખવા અથવા વાપરવા માટે ૧[* * *] અથવા તેમાં જુગાર રમવા માટે અથવા જુગાર રમવાના હેતુ માટે તેમાં હાજર રહેવા માટે કોઈ વ્યકિતને દોષિત ઠરાવ્યેથી, તેને દોષિત ઠરાવનાર મેજિસ્ટ્રેટ તે અડ્ડામાંથી મળેલાં અથવા તેમાં મળી આવેલી વ્યકિતઓ પાસેથી જુગાર રમવાનાં તમામ સાધનોનો તુરત નાશ ૨[અથવા જપ્ત કરવાનો] હુકમ કરી શકશે,

અને જુગારરમવાનાં સાધનો સિવાય કબજે કરેલીનાણાંરૂપી તમામ અથવા કોઈપણ જામીનગીરી અને અન્ય ચીજોને વેચવાનો અને તેમાં કબજે કરેલાં તમામ પૈસા સહિત તેની આવક જપ્ત કરવાનો તે મેજિસ્ટ્રેટ હુકમ કરી શકશે; અથવા તેને યોગ્ય લાગે તો તેવી આવકનો કંઈ ભાગ અને બીજા પૈસા, તે માટે કોઈ વ્યકિતનો હક જણાતો હોય તો તેને આપવાનો હુકમ કરી શકશે.

દોષિત ઠરાવવા માટે પૈસાનો જુગાર રમવાની સાબિતીની જરૂર નથી.

૯. કલમો ૪ અને ૫ની જોગવાઈઓ પૈકી કોઈ જોગવાઈ વિરુધ્ધના કોઈ ગુના માટે કોઈ વ્યકિતને દોષિત ઠરાવવા માટે એ સાબિત કરવાની જરૂર નથી કે જુગાર રમતા ૩[જુગાર રમતી] મળી આવેલી વ્યકિત, પૈસા શરત અથવા હોડ માટે જુગાર રમતી હતી.

અમુક સાક્ષીઓને ક્ષતિપૂર્તિ.

૪[૧૦. જે કોઈ વ્યકિત આ અધિનિયમ વિરૂધ્ધ જુગાર રમવામાં સામેલ હોય અને આ અધિનિયમની જુગાર અંગેની કોઈપણ જોગવાઈનો ભંગ કરવા માટે કોઈપણ વ્યકિતની ઈન્સાફી કાર્યવાહી કરતી વખતે કોઈ મેજિસ્ટ્રેટ સમક્ષ જેની સાક્ષી તરીકે જુબાની લીધી હોય અને તે જુબાની વખતે મેજિસ્ટ્રેટના અભિપ્રાયમાં એમ લાગે છે તેની જુબાની લીધી હોય તે તમામ બાબતોમાં તેની પૂરેપૂરી જાણ પ્રમાણે સાચી અને જેવી હોય તેવી હકીકત તે જણાવે છે તે વ્યકિતને તેમ થયે, સદરહુ મેજિસ્ટ્રેટ પાસેથી તે માટેનું લેખિત પ્રમાણપત્ર મળશે અને તે સમય પહેલાં જુગારના સંબંધમાં તેણે જે કંઈ કર્યું હોય તે માટે તેને આ અધિનિયમ હેઠળના તમામ મુકદ્દમામાંથી મુકત કરવામાં આવશે.]

૧૧. [દંડનો ભાગ બાતમીદારને આપવા બાબત] સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ૩૨ની કલમ ૩થી કમી કરી છે.

જાહેર માર્ગોમાં જુગાર રમવાઅને પશુપક્ષીને લડાવવા માટે વોરંટ વગર ગિરફતાર કરવાની સત્તા.

૧૨. કોઈ પોલીસ અધિકારી—

(ક) કોઈ જાહેર ૫[અથવા રાહદારી માર્ગમાં અથવા જયાં લોકો આવતા જતા હોય અથવા લોકોને જવા આવવાની છૂટ હોય તે કોઈ સ્થળે] ૬[અથવા ઘોડ-દોડના મેદાનમાં] કોઈ વ્યકિત ૭[જુગાર રમતી] મળી આવે ૮[અથવા જુગાર રમે છે એવો વાજબી શક આવે] તેને;

---

૧. મુંબઈ જુગાર પ્રતિબંધ અધિનિયમ, ૧૯૧૯ (સન ૧૯૧૯ના મુંબઈના ૬ઠ્ઠા)ની કલમ ૫થી આ શબ્દો કાઢી નાખ્યા છે.

૨. સન ૧૯૩૬ના મુંબઈ અધિનિયમ ૧ની કલમ ૭ની "અથવા જપ્ત કરવાનો" એ શબ્દો ઉમેર્યા છે.

૩. મુંબઈ જુગાર પ્રતિબંધ અધિનિયમ, ૧૯૧૯ (સન ૧૯૧૯ના મુંબઈના ૬ઠ્ઠા)ની કલમ ૬થી "કોઈપણ જુગાર રમતો" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૪. સન ૧૯૧૯ના મુંબઈ અધિનિયમ ૧૪ની કલમ ૩(જ) થી અસલને બદલે આ કલમ મૂકી છે.

૫. મુંબઈના કાયદા રદ કરવા અને સુધારવા બાબતના (સન ૧૯૧૦ના મુંબઈના ૧લા) અધિનિયમ, ૧૯૧૦ની અનુસૂચિ-૧, ભાગ-૨ અનુક્રમ નંબર ૧૪થી "જગામાં અથવા રાહદારીના રહેઠાણમાં" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૬. મુંબઈ જુગાર પ્રતિબંધ (સુધારા) અધિનિયમ, ૧૯૨૨ (સન ૧૯૨૨ના મુંબઈના ૫મા )નીકલમ ૪થી આ શબ્દો ઉમેર્યા છે.

૭. મુંબઈ જુગાર પ્રતિબંધ (સુધારા) અધિનિયમ, ૧૯૧૯ (સન ૧૯૧૯ના મુંબઈના ૬ઠ્ઠા)ની કલમ ૭થી અસલ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૮. સન ૧૯૩૬ના મુંબઈ અધિનિયમ ૧ની કલમ ૯(૨)થી આ શબ્દો દાખલ કર્યા છે.

(ખ) કોઈ જાહેર ૧[અથવા રાહદારીના માર્ગમાં અથવા લોકો આવતા જતા હોય અથવા લોકોને જવા આવવાની છૂટ હોય તે કોઈ સ્થળે] કોઈ પશુપક્ષીને લડાવતી કોઈ વ્યકિતને

(ગ) જાહેરમાં પશુપક્ષીને લડાવવામાં હાજર રહીને મદદ અથવા સહાય કરતી વ્યકિતને;

વોરંટ વગર ગિરફતાર કરી શકશે ૨[અને તેની ઝડતી લઈ શકશે.]

એવી કોઈ વ્યકિતને, દોષિત ઠર્યેથી ૩[ત્રણસો રૂપિયા] સુધીના દંડની,, ૪[અને ત્રણ મહિના સુધીની કેદની] ૫[શિક્ષા] થઈ શકશે. ૬[અને એવા જુગારમાં કલમ ૩માં આપેલી જુગારની વ્યાખ્યામાં ઉલ્લેખ કર્યા પ્રમાણે શરત અથવા હોડ મારવાનું આવી જતું હોય અથવા તેમાં ઉલ્લેખ કર્યા પ્રમાણેનો કોઈ વ્યવહાર આવી જતો હોય ત્યારે એ રીતે જુગાર રમતી મળી આવેલી કોઈ વ્યકિતને, દોષિત ઠર્યેથી કલમ ૪માં ઉલ્લેખેલી રીતે તથા તેટલા પ્રમાણમાં ૫[શિક્ષા] થઈ શકશે અને તે વ્યકિત પાસેથી મળી આવેલા બધા પૈસા જપ્ત થશે.]

મળી આવેલા સાધનો કબજે કરી નાશ કરવા બાબત.

અને જાહેર અથવા ૧[રાહદારી માર્ગમાં, ૭[તે સ્થળે અથવા મેદાનમાં] અથવા પોલીસ અધિકારી જેને ગિરફતાર કરે તે વ્યકિત પાસે ૮[અથવા તેની આસપાસ] મળી આવેલાં પશુપક્ષીઓ અને ૯[જુગાર રમવાનાં સાધનો હોવાનો વાજબી શક લાવી શકાય] તેવી વસ્તુઓ તે કબજે કરી શકશે અને મેજિસ્ટ્રેટ, ગુનેગારને દોષિત ઠર્યેથી તે સાધનોનો તરત નાશ કરવાનો તથા તે પશુપક્ષીને વેંચીને મળેલાં નાણાં જપ્ત કરવાનો હુકમ કરી શકશે. ૧૦[કોઈ વસ્તુ કોઈ વ્યકિતની પાસે અથવા તેની આસપાસ મળી આવે અને કોર્ટને ખાતરી થાય કે વસ્તુ જુગાર રમવાનું સાધન હતું એવો શક લાવવાને પોલીસ અધિકારીને વાજબી કારણ હતું, ત્યારે વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી અને જેની પાસેથી અથવા જેની આસપાસ તે વસ્તુ મળી આવે તે વ્યકિત જુગાર રમવાના હેતુ માટે હાજર હતી તેવા પુરાવા તરીકે એ સંજોગો ગણાશે.]

કોઈ સમાચાર અથવા માહિતી છાપવા પ્રસિદ્ધ કરવા અથવા વહેંચવા માટે વોરંટ વગર ગિરફતાર કરવાની સત્તા.

૧૧[૧૨-ક. જે કોઈ વ્યકિત જુગાર રમવામાં મદદ કરવાના અથવા તે સરળ બનાવવાના ઈરાદાથી કોઈ વર્તમાનપત્ર, ખબરપત્રિકા અથવા બીજો દસ્તાવેજ અથવા કાંઈ સમાચાર અથવા માહિતી છાપે, પ્રસિધ્ધ કરે, વેચે, વહેંચે અથવા કોઈપણ રીતે ફેલાવે તેને, વગર વોરંટે કોઈ પોલીસ અધિકારી ગિરફતાર કરી શકશે.

એવી કોઈ વ્યકિતને, દોષિત ઠર્યેથી, કલમ ૪માં ઉલ્લેખેલી રીતે અને પ્રમાણમાં શિક્ષા થઈ શકશે.

---

૧. મુંબઈના કાયદા રદ કરવા અને સુધારવા બાબતના (સન ૧૯૧૦ના મુંબઈના ૧લા) અધિનિયમ, ૧૯૧૦ની અનુસૂચિ-૧, ભાગ ૨, અનુક્રમ નંબર ૧૪ થી "જગામાં અથવા રાહદારીના રહેઠાણમાં" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૨. સન ૧૯૩૬ના મુંબઈ અધિનિયમ ૧ની કલમ ૯(૧) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૩. એજનની કલમ ૯(૪) થી "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૪. સન ૧૯૭૨ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૫થી "અથવા ત્રણ મહિના સુધીની કેદની" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૫. સન ૧૯૩૬ના મુંબઈ અધિનિયમ ૧ની કલમ ૯(૩) થી અસલને બદલે આ શબ્દ મૂકયો છે.

૬. મુંબઈ જુગાર પ્રતિબંધ(સુધારા) અધિનિયમ, ૧૯૨૨(સન ૧૯૨૨ મુંબઈના ૫ મા)ની કલમ ૪થી આ શબ્દો ઉમેર્યા છે.

૭. મુંબઈ જુગાર પ્રતિબંધ (સુધારા) અધિનિયમ, ૧૯૨૨ (સન ૧૯૨૨ના મુંબઈના ૫મા)ની કલમ ૪થી "અથવા જગામાં" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૮. સન ૧૯૩૬ના મુંબઈ અધિનિયમ ૧ની કલમ ૯(૬)થી આ શબ્દો ઉમેર્યા છે.

૯. એજનથી "જુગારનાં સાધનો" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૧૦. એજનની કલમ ૯(૭) થી આ પરિચ્છેદ ઉમેર્યો છે.

૧૧. સન ૧૯૩૬ના મુંબઈ અધિનિયમ ૧ની કલમ ૧૦થી કલમ ૧૨-ક દાખલ કરી છે.

અને કોઈ પોલીસ અધિકારી જે વસ્તુઓ આ કલમ હેઠળનો ગુનો કરવાના હેતુ માટે વાપરવામાં આવે છે અથવા વાપરવાનો ઈરાદો છે એવો વાજબી રીતે શક જતો હોય તે તમામ વસ્તુઓ કબજે કરવાના હેતુ માટે કોઈ સ્થળમાં પ્રવેશ કરીને તેની ઝડતી લઈ શકશે અને એવી તમામ વસ્તુઓ કબજે કરી શકશે.]

કેવળ ચતુરાઈવાળી રમતો બાબત અપવાદ.

૧૩. કોઈપણ સ્થળે રમાતી કેવળ ચતુરાઈવાળી રમતને આ અધિનિયમમાંનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ.

રદ કરવા બાબત અને અપવાદ.

[1]૧૪. જુગાર અધિનિયમ, ૧૩૦૫-ફસલી, મુંબઈ રાજ્યના વિદર્ભ પ્રદેશને લાગુ પાડયા પ્રમાણેનો જાહેર જુગાર અધિનિયમ, ૧૮૬૭, સૌરાષ્ટ્ર રાજ્ય (કેન્દ્ર અને મુંબઈ અધિનિયમો લાગુ પાડવા બાબત) વટહુકમ ૧૯૪૮થી સૌરાષ્ટ વિસ્તારને લાગુ પાડયા પ્રમાણેનો મુંબઈ જુગાર પ્રતિબંધ અધિનિયમ ૧૮૮૭ અને કચ્છ (કાયદા લાગુ પાડવા બાબત) હુકમ, ૧૯૫૦થી કચ્છ વિસ્તારને લાગુ પાડયા પ્રમાણેનો મુંબઈ જુગાર પ્રતિબંધ અધિનિયમ, ૧૮૮૭ આથી રદ કરવામાં આવે છે:

સન ૧૩૦૫ નો હૈદ્રાબાદનો ૨જો. સન ૧૮૬૭ નો ૩જો સન ૧૯૪૮ નો સૌરાષ્ટનો વટહુકમ ૨૫મો. સન ૧૮૮૭ નો મુંબઈનો ૪થો.

પરંતુ એ પ્રમાણે અધિનિયમો રદ કરવાથી—

(ક) એ રીતે રદ કરેલા અધિનિયમોના અગાઉ થઈ ચૂકેલા અમલને અસર થશે નહિ, અથવા

(ખ) એ રીતે રદ કરેલા કોઈ અધિનિયમ હેઠળ મેળવેલા, પ્રાપ્ત થયેલા અથવા ઉદ્ભવેલા કોઈપણ હકને, વિશેષાધિકારને, ફરજને અથવા જવાબદારીને અસર થશે નહિ, અથવા

(ગ) એ રીતે રદ કરેલા અધિનિયમોની જોગવાઈઓ પૈકી કોઈ જોગવાઈ વિરુદ્ધ કરવામાં આવેલાં કોઈ ગુના બાબતની ગુનેગારીને, જપ્તીને અથવા શિક્ષાને અસર થશે નહિ, અથવા

(ઘ) ઉપર્યુક્ત કોઈ હક, વિશેષાધિકાર, ફરજ, જવાબદારી, ગુનેગારી, જપ્તી અથવા શિક્ષાની બાબતમાં કોઈ તપાસને, કાનૂની કાર્યવાહને અથવા ઉપાયને અસર થશે નહિ;

અને મુંબઈ જુગાર પ્રતિબંધ (વ્યાપ્તિ અને સુધારા) અધિનિયમ, ૧૯૫૯ પસાર થયો જ નથી એમ ગણી એવી કોઈ તપાસ, કાનૂની કાર્યવાહી અથવા ઉપાય કરી શકાશે, ચાલુ રાખી શકાશે અથવા અમલમાં લાવી શકાશે અને તેવી કોઈ ગુનેગારી, જપ્તી અથવા શિક્ષા કરી શકશે:

વધુમાં આગલા પરંતુકને અધીન રહીને, એ રીતે રદ કરેલા અધિનિયમોની જોગવાઈઓની રૂએ અથવા તે હેઠળ (આપેલા અધિકારપત્રો, મળેલી સત્તા, આપેલા હુકમો અને કરેલી ક્ષતિપૂર્તિ સહિત) કરેલ કોઈ કાર્ય અથવા લીધેલ કોઈ પગલું, આ અધિનિયમની કોઈ જોગવાઈ સાથે અસંગત ન હોય તેટલે સુધી આ અધિનિયમની તત્સમાન જોગવાઈઓ હેઠળ કરવામાં આવ્યું છે અથવા લેવામાં આવ્યું છે એમ ગણાશે અને આ અધિનિયમ હેઠળ કરેલાં કાર્યથી અથવા લીધેલાં પગલાંથી તેમાં ફેરફાર કરવામાં, રદ કરવામાં અથવા સુધારવામાં ન આવે ત્યાં સુધી, તદ્નુસાર અમલમાં ચાલુ રહેશે.]

## અનુસૂચિ

[રદ કરેલા અધિનિયમો]

સન ૧૮૯૩ના ૧૬મા અધિનિયમથી રદ કરી છે.

---

૧. સન ૧૯૫૯ના મુંબઈ અધિનિયમ ૧૪ની કલમ ૩(૭)થી આ કલમ ઉમેરી છે અને ગુજરાત રાજ્ય અને સમયવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ ૧૯૬૦ થી તે સુધાર્યા વગરની ગણાશે.

સરકારી મુદ્રણાલય, ભાવનગર.

©

Obtainable from the Gujarat Government Publications Depot, Azamkhan Palace, Bhadra, Ahmedabad (for orders from the mofussil) ; from the Government Book Depot, Rajkot, Government Book Depot, Baroda or through the High Commissioner for India, India House, Aldwych, London W.C.2 or through any recognised Bookseller.